૨૮-જૂન-૨૦૧૪

મિત્રો,

આપણું નવમું દ્વિવાર્ષિક સાહિત્ય સંમેલન સપ્ટેમ્બર ૧૨-૧૩-૧૪, ૨૦૧૪ દરમ્યાન પ્લેઇન્સ્બરો, ન્યુ જર્સીમાં યોજાય છે. એમાં હાજરી આપવા આપને હાર્દિક આમંત્રણ છે.

આ સંમેલન માટે આપણા ખાસ આમંત્રણથી પધારતા સુપ્રસિદ્ધ સાહિત્યકારો શ્રી મનસુખ સલ્લા, શ્રી સૌમ્ય જોશી અને શ્રી કાજલ ઓઝા વૈદ્ય ઉપરાંત શ્રી ચિનુ મોદી અને બીજા એક-બે સાહિત્યકારોનો લાભ પણ મળે એ માટેના પ્રયત્નો ચાલુ છે.

આ વર્ષથી ઍકેડેમી તરફથી અપાતાં પારિતોષિકોમાં એક ઉમેરો થાય છે. શ્રી ચુનિલાલ વેલજી મહેતા પારિતોષિક અને શ્રી રમેશ પારેખ પારિતોષિક ઉપરાંત ગુજરાતી કુટુંબમાં જન્મેલા યુવા લેખક-લેખિકાઓ માટેનું નવું **ટી.વી. એશિયા પારિતોષિક** શરૂ કરીએ છીએ.

સંમેલન વિશેની પ્રાથમિક માહિતી આ સાથે મોકલીએ છીએ જેમાં સંમેલનનું રજિસ્ટ્રેશન ફૉર્મ, હોટેલ રૂમ રિઝર્વેશનની માહિતી અને ઍકેડેમીના સભ્ય થવા ઇચ્છતા આપના મિત્રો માટેનું ફૉર્મ પણ છે. આ જ માહિતી અને દરેક જરૂરી ફૉર્મ ઍકેડેમીની વેબસાઇટ www.glaofna.com પર પણ મળશે.

સંમેલનના વહેલા રજિસ્ટ્રેશનના ઘટાડેલા દરનો લાભ લેવા આપનું રજિસ્ટ્રેશન વહેલામાં વહેલી તકે – પણ શુક્રવાર, ૨૯ ઑગસ્ટ, ૨૦૧૪ પહેલાં અચૂક – કરવા અમારી વિનંતિ છે. પરદેશથી આમંત્રિત સાહિત્યકારો સિવાયની સંમેલનમાં આવતી દરેક વ્યક્તિ – વક્તા અને શ્રોતા – માટે રજિસ્ટ્રેશન જરૂરી રહેશે.

સંમેલનની હોટેલ Crowne Plaza Princetonમાં રૂમ રિઝર્વેશન કરવા આ સાથેની માહિતી જોશો. એમાં દર્શાવેલો સંમેલન માટેનો ખાસ દર મેળવવા હોટેલ સાથે સીધો સંપર્ક કરવો.

ઍકેડેમીના કાર્યક્રમોની અને બીજી જાહેરાતો ફક્ત ઈ-મેઇલથી મોકલીએ છીએ. એ માટે આપનું ઈ-મેઇલ સરનામું ramgadhavi@glaofna.com પર પહોંચાડવા વિનંતિ છે. એવી ઈ-મેઇલમાં આપનું ટપાલ સરનામું પણ મોકલશો જેથી સરખા નામવાળા બીજા સભ્યની માહિતી સાથે આપનું ઈ-મેઇલ સરનામું જોડાઈ ન જાય. આ સેવા ફક્ત ઍકેડેમીના સભ્યોને માટે જ છે.

સંમેલન વિશેની માહિતી www.glaofna.com પર જોતા રહેવા વિનંતિ છે.

સંમેલનમાં જરૂર મળીએ એવી આશા રાખું છું.

આપનો વિશ્વાસુ,

રામ ગઢવી

# ૯મા સાહિત્ય સંમેલન કાર્યક્રમની પ્રાથમિક રૂપરેખા

- **‘દર્શક’નો સાહિત્ય વૈભવ** - મનુભાઈ પંચોળી ‘દર્શક’ની જન્મશતાબ્દી નિમિત્તે મુખ્ય મહેમાન શ્રી મનસુખ સલ્લાનું પ્રવચન
- **‘દર્શક’નાં સ્ત્રી-પાત્રો** – શ્રી કાજલ ઓઝા વૈદ્ય
- **‘દર્શક’નાં લખાણોમાંથી** – વાંચન – શ્રી મહેન્દ્ર મેઘાણી
- **????** – શ્રી સૌમ્ય જોશી
- **વર્તમાન સાહિત્ય પ્રવાહો** – શ્રી જય વસાવડા
- **સૂર શબ્દનું સહિયારું** –કવિતા અને સંગીતની સાથીદારી વિશે શ્રી અમર ભટ્ટનો વાર્તાલાપ
- **અમેરિકાનાં ગુજરાતી સામયિકોનું સાહિત્યિક પ્રદાન** – શ્રી ચિનુ મોદી
- **આવ્યાં આવ્યાં રે રંગવા ‘રંગારા’** – શ્રી સૌમ્ય જોશી અને સાથીઓ દ્વારા ગુજરાતી સાહિત્યના કેટલાંક શ્રેષ્ઠ અંશોની નાટ્યાત્મક રજૂઆત
- **સંગીત સભા** – શ્રી અમર ભટ્ટ અને અમેરિકા સ્થિત કલાકારો
- **પઠન** – આમંત્રિત અને સ્થાનિક સર્જકો દ્વારા પોતાની કૃતિઓનું પઠન
- એકેડેમી દ્વારા અપાતાં ત્રણ પારિતોષિકોનો અર્પણવિધિ